૧૧ વેચાણ દસ્તાવેજ ૧૧

((અવેજ રૂા. ...,...,....../– પુરાનો.))

((રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સુરત, સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકા ઉધના(સુરત સીટી)ના, ગામ મોજે ડીંડોલીના ખાતા નં. ૨૪૮૩, રે.સ.નં. ૧૫, બ્લોક નં. ૧૭, થી નોંધાયેલી જમીન જેનુ સુમારે ક્ષેત્રફળ હે. આરે. ૨–૮૫–૩૦ ચો.મી. જમીન કે જેને ટી.પી. સ્કીમ નં. ૬૯(ગોડાદરા–ડીંડોલી) લાગુ પડતા ફાયનલ પ્લોટ નં. ૫૬/એ તથા ૫૬/બી ફાળવવામાં આવેલ છે. જે ફાયનલ પ્લોટ નં. ૫૬/એ વાળી જમીનનું ફાયનલ પ્લોટ મુજબ કુલ ક્ષેત્રફળ સુમારે ૯૫૨૦.૦૦ ચો.મી. છે જે ફાયનલ પ્લોટ નં. ૫૬/એ પૈકી સબ પ્લોટ નં. ૩/૧ વાળી સુમારે ૧૯૯૨.૯૪ ચો.મી. છે. તે બીનખેતીની જમીનમાં આયોજીત સાલાસર આઈકોન ના નામની રેસીડેન્સીયલ કમ કોર્મશીયલ (એપાર્ટમેન્ટ) બીંલ્ડીંગો પૈકી બીલ્ડીંગ નં. .... ના .... માળે આવેલ ફલેટ/દુકાન નં. ...../........ આવેલ મિલકતનો વેચાણ દસ્તાવેજ))

આજરોજ, તારીખ મી, માહે : , સને : ૨૦૧૯ ના અંગ્રેજી દિને...

<u>આ વેચાણ દસ્તાવેજ લખાવી લેનાર યાને તમો પહેલા પક્ષના : ખરીદનાર :–</u>

શ્રી ....,

ઉ.વ.આ.: ...., ધંધો : ...., જાતના : ....,

રહે.: ....

PAN : ....

((હવે પછીથી અહીં જેમનો ઉલ્લેખ પહેલા પક્ષકાર "એલોટી" તરીકે કરવામાં આવ્યો છે.) (તે શબ્દ પ્રયોગ (Expression) માં જો તે સંદર્ભ અથવા અર્થની વિરૂધ્ધ ન હોય તો તે શબ્દોમાં ઉત્તરાધીકારી, વહીવટકર્તા, પ્રબંધક, પરવાનગી આપેલ એસાઈની તથા સંબંધીત ભાગીદારો સહીત તમામનો સમાવેશ થશે.))

<u>જોગ લી.</u>

<u>આ વેચાણ દસ્તાવેજ લખી આપનાર યાને હમો બીજા પક્ષના : વેચનાર :–</u>

દસ્તાવેજનો પ્રકાર	મોજે ગામ	બ્લોક નં.	ટી.પી.	એફ.પી.	યોજનાનું નામ	ફલેટ નંબર	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ	ડીંડોલી	૧૭	૬૯	૫૬/એ	સાલાસર આઈકોન		

મે. સાલાસર એમ્પાયર એક ભાગીદારી પેઢી (PAN.: AYDFS 3557 R f
ઠે. સાલાસર આઈકોન, ટી.પી. સ્કીમ નં. ૬૯, ફાયનલ પ્લોટ નં. ૫૬/એ, ડીંડોલી, સુરત (રજીસ્ટ્રેશન નં.: ઈ૯ ના વતી અને તરફે તેના અધિકૃત ભાગીદારો તરીકે....

(૧) વિઠ્ઠલકુમાર દેવશીભાઈ આંકોલીયા,
ઉ.વ.આ.: ૪૪, જાતના : હિન્દુ, ધંધો : વેપાર,
રહે.: ૪૩, હરી ક્રિષ્ના સોસાયટી, કતારગામ, સુરત.

(૨) પરેશ દેવશીભાઈ નારોલા,
ઉ.વ.આ.: ૩૯, જાતના : હિન્દુ, ધંધો : વેપાર,
રહે.: ૬૨, સહયોગપાર્ક, આંબાતલાવડી, કતારગામ, સુરત.

[RERA No. ....

((હવે પછીથી જેમનો ઉલ્લેખ બીજા પક્ષકાર (PROMOTER) અથવા વિકાસ કર્તા તરીકે ઉલ્લેખ કરવામા આવશે)(તે શબ્દ પ્રયોગ ટભ્શઉચ્ભ((ટ્ઘ૯ માં જો તે સંદર્ભ અથવા અર્થની વિરૂધ્ધ ન હોય તો તે શબ્દોમાં ઉત્તરાધીકારી, વહીવટકર્તા, પ્રબંધક, પરવાનગી આપેલ એસાઈની તથા સંબંધીત ભાગીદારો સહીત તમામનો સમાવેશ થશે.)) તે લખી આપનાર પ્લોટ વેચનાર.

જત હમો બીજા પક્ષના તમો પહેલા પક્ષનાને આજરોજ આ વેચાણ દસ્તાવેજથી લખી આપી છીએ કે...,

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સુરત, સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકા ઉધના(સુરત સીટી)ના, ગામ મોજે ડીંડોલીના રે.સ.નં. ૧૫, બ્લોક નં. ૧૭, થી નોંધાયેલી જમીન જેનુ સુમારે ક્ષેત્રફળ હે. આરે. ૨–૮૫–૩૦ ચો.મી. જમીન કે જેને ટી.પી. સ્કીમ નં. ૬૯(ગોડાદરા–ડીંડોલી) લાગુ પડતા ફાયનલ પ્લોટ નં. ૫૬/એ તથા ૫૬/બી ફાળવવામાં આવેલ છે. જે ફાયનલ પ્લોટ નં. ૫૬/એ વાળી જમીનનું ફાયનલ પ્લોટ મુજબ કુલ ક્ષેત્રફળ સુમારે ૯૫૨૦.૦૦ ચો.મી. છે જે ફાયનલ પ્લોટ નં. ૫૬/એ પૈકી સબ પ્લોટ નં. ૩/૧ વાળી સુમારે ૧૯૯૨.૯૪ ચો.મી. છે. તે બીનખેતીની જમીનમાં આયોજીત સાલાસર

દસ્તાવેજનો પ્રકાર	મોજે ગામ	બ્લોક નં.	ટી.પી.	એફ.પી.	યોજનાનું નામ	ફલેટ નંબર	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ	ડીંડોલી	૧૭	૬૯	૫૬/એ	સાલાસર આઈકોન		

આઈકોન ના નામની રેસીડેન્સીયલ કમ કોર્મશીયલ (એપાર્ટમેન્ટ) બિલ્ડીંગો પૈકી બીલ્ડીંગ નં. .... ના .... માળે આવેલ ફલેટ/ દુકાન નં. ...../........ આવેલ મિલકત. (જેને હવે પછીથી આ દસ્તાવેજમાં સરળતા ખાતર સદરહું મિલકત એ રીતે સંબોધવામાં આવેલ છે.) જેનુ વિગતે વર્ણન આ નીચે શીડયુલમાં આપવામાં આવેલ છે. સદરહું મિલકત અમો બીજા પક્ષનાની સંપુર્ણ અને સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટા, વહીવટ, વ્યવસ્થા, હેઠળની ચાલી આવેલ છે. સદરહું મિલકત અંગે હમો બીજા પક્ષનાને વ્યવસ્થા, સંચાલન, નિકાલ વિગેરે કરવા–કરાવવાનો હકક અને અધિકાર છે. તેની અમો બીજા પક્ષના અમારા માલીકીપણાના ટાઈટલની વિગત નીચે મુજબ આપી આ વેચાણ દસ્તાવેજ તમો પહેલા પક્ષના લાભમાં આજરોજ કરી આપીએ છીએ.

મજકુર જમીન/મિલકતના ટાઈટલ્સ તથા અમારા માલીકીપણાના ટાઈટલ એવા છે કે...

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સુરત, સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકા ઉધના (સુરત સીટી)ના ગામ મોજે ડીંડોલીના રે.સ.નં. ૧૫ વાળી જમીનનાં માલિક તરીકે મકનભાઈ પરભુભાઈ ચાલી આવેલા. તેઓનું તારીખ ૦૨/૦૨/૧૯૫૦ ના રોજ અવસાન થતા તેમના વારસદાર તરીકે જીવણભાઈ મકનભાઈનું નામ વારસાઈ પત્રકે બતાવ્યા અનુસાર સદરહું જમીનમાં દાખલ કરવામાં આવેલ. જે વારસાઈ અંગેની ફેરફાર નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નંબર ૬ હકકપત્રકમાં નોંધ નંબર ૬૨૫ થી તારીખ ૧૨/૦૩/૧૯૫૦ ના રોજથી કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહું રે.સર્વે નંબર ૧૫ વાળી જમીન તથા અન્ય જમીનો બાબતે સદરહું જમીનના માલીક જીવણભાઈ મકનભાઈએ તારીખ ૦૧/૦૧/૧૦૭૦ ના રોજ તેમના પુત્ર વચ્ચે વહેંચણ કરતા સદરહું રેવન્યુ સર્વે નં. ૧૫ વાળી જમીન સગીર જશવંતભાઈ જીવણભાઈના હિસ્સે આપવામાં આવેલ. જે વહેંચણ અંગેની ફેરફાર નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નંબર ૬ હકકપત્રકમાં નોંધ નંબર ૩૩૫૩ થી તારીખ ૧૮/૦૫/૧૯૭૨ ના રોજથી કરવામાં આવેલ. જે નોંધ ત્યારબાદ તારીખ ૧૮/૦૬/૧૯૭૨ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

દસ્તાવેજનો પ્રકાર	મોજે ગામ	બ્લોક નં.	ટી.પી.	એફ.પી.	યોજનાનું નામ	ફલેટ નંબર	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ	ડીંડોલી	૧૭	૬૯	૫૬/એ	સાલાસર આઈકોન		

ત્યારબાદ મે. સેટલમેન્ટ લેન્ડ એકવીઝીશન ઓફીસર સાહેબ તાપી કેનાલ વર્કસ, સુરત ના હુ. નં. એ ૧૦૦૫ સુરત તારીખ ૩૧/૦૮/૧૯૬૬ આધારે નહેરમાં જતી જમીન બાબતે દુરસ્તી પત્રક નં. ૧૧ આવતા સદરહું રે.સર્વે નં. ૧૫ વાળી જમીન પૈકી ૪૦૫ ચો.મી. જમીન સંપાદીત થતા સદરહું જમીનનું ક્ષેત્રફળ હે. ૨–૮૫–૩૦ આરે. ચો.મી. આખરી કરવામાં આવેલ. જે અંગેની ફેરફાર નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નંબર ૬ હકકપત્રકમાં નોંધ નંબર ૩૮૫૬ થી તારીખ ૨૧/૦૯/૧૯૭૯ ના રોજથી કરવામાં આવેલ.

ત્યારબાદ સદર ડીંડોલી ગામે એકત્રીકરણ યોજના અમલમાં આવતા સદર રેવન્યુ સર્વે નંબર ૧૫ વાળી જમીનને બ્લોક નંબર ૧૭ આપવામાં આવેલ. જે એકત્રીકણ અંગેની ફેરફાર નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નંબર ૬ હકકપત્રકમાં નોંધ નંબર ૫૧૬૬ થી તારીખ ૧૩/૦૧/૧૯૮૪ ના રોજથી કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહું જમીન જશવંતભાઈ જીવણભાઈની સ્વતંત્ર માલીકી, કબજા ભોગવટા હેઠળની ચાલી આવેલ. સદરહું જમીનમાં તેઓએ તેમના વારસદારોના નામ સહભાગીદારીમાં દાખલ કરવા તારીખ ૧૦/૧૧/૨૦૦૬ ના રોજ કરેલ નોટરી રૂબરૂના સામાયીકપણાના કરાર આધારે તેમના વારસદારો પૈકી નયનાબેન જશવંતભાઈની ધણીયાણી, પારૂલબેન જશવંતભાઈ, પિયુષાબેન જશવંતભાઈ, નિલમબેન જશવંતભાઈ તથા કામાક્ષીબેન જશવંતભાઈનાઓના નામ સદરહું જમીનમાં સહભાગીદાર તરીકે દાખલ કરવામાં આવેલ. જે સહભાગીદારીમાં હકકદાખલ કરવા અંગેની ફેરફાર નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નંબર ૬ હકકપત્રકમાં નોંધ નંબર ૬૯૧૬ થી તારીખ ૧૩/૧૧/૨૦૦૬ ના રોજથી કરવામાં આવેલ. જે નોંધ ત્યારબાદ તારીખ ૧૮/૧૨/૨૦૦૬ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ પ્રાદેશીક ફેરફાર મુજબ સદરહું ડીંડોલી ગામને ચોર્યાસી તાલુકા માંથી કમી કરવા માટે મહે. કલેકટર સાહેબશ્રી સુરતનાં પત્ર નંબર–(જે)બખ/તપસ / વશી/૪૮૯૭/૦૬ તારીખ ૧૯/૧૦/૦૬ માં જણાવ્યા મુજબ સરકારશ્રીનાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનાં જાહેરનામાં નંબર– કેવી/૨૬/૦૬/ એસએમએન/૯૦૨૦૦૬/૪૧૦/પી તારીખ ૧૪/૦૨/૦૬ તથા જાહેરનામાં નંબર–

દસ્તાવેજનો પ્રકાર	મોજે ગામ	બ્લોક નં.	ટી.પી.	એફ.પી.	યોજનાનું નામ	ફલેટ નંબર	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ	ડીંડોલી	૧૭	૬૯	૫૬/એ	સાલાસર આઈકોન		

કેવી/૨૧૨/૦૬/ એસએમએન/૯૦૨૦૦૬/૪૧૦/પી તારીખ ૨૦/૦૭/૦૬ થી આઠ નગર પાલીકા તથા ૨૭ ગામોનો સમાવેશ સુરત શહેરમાં કરવામાં આવેલ છે. જેથી ડીંડોલી ગામને ચોર્યાસી તાલુકા માંથી કમી કરી સુરત શહેરમાં દાખલ કરવામાં આવેલ. જે પ્રાદેશીક ફેરફાર અંગેની નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નં. ૬ હકકપત્રકમાં નોંધ નં. ૬૯૭૦ તારીખ ૧૮/૦૫/૨૦૦૭ ના રોજ કરવામાં આવેલ. જે નોંધો ત્યારબાદ તારીખ ૧૮/૦૫/૨૦૦૭ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહું બ્લોક નં. ૧૭ વાળી જમીનને ટી.પી. સ્કીમ નંબર ૬૯ (ગોડાદરા–ડીંડોલી) લાગુ પડતા ફાયનલ પ્લોટ નં. ૫૬/એ તથા ૫૬/બી ફાળવવામાં આવેલ, અને જે મુજબ ફાયનલ પ્લોટ નં. ૫૬/એ નું ક્ષેત્રફળ ૯૫૨૦ ચો.મી. તથા ફાયનલ પ્લોટ નં. ૫૬/બી નું ક્ષેત્રફળ ૪૭૪૫ ચો.મી. આખરી કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહું બ્લોક નંબર ૧૭, ટી.પી. સ્કીમ નંબર ૬૯ (ગોડાદરા– ડીંડોલી), ફાયનલ પ્લોટ નં. ૫૬/એ તથા ૫૬/બી પૈકી ફાયનલ પ્લોટ નં. ૫૬/એ વાળી સુમારે ૯૫૨૦ ચો.મી. જમીન તેના માલીક જશવંતભાઈ જીવણભાઈ વિગેરેનાઓ કનેથી ૧. જયંતીભાઈ વાઘજીભાઈ ઝાલાવાડીયા, ૨. વિપુલભાઈ ધીરૂભાઈ અકબરી તથા ૩. અરવિંદભાઈ કાળુભાઈ સુહાગીયાનાઓએ તારીખ ૦૭/૦૪/૨૦૧૪ ના રોજના રજીસ્ટર વેચાણ દસ્તાવેજની રૂએ વેચાણથી રાખેલ. જે અંગેનો વેચાણ દસ્તાવેજ મે. સુરત–૮(રાંદેર)ના સબ–રજીસ્ટ્રાર સાહેબશ્રીની કચેરીએ અનુક્રમ નં. ૨૦૦ થી તારીખ ૦૭/૦૪/૨૦૧૪ ના રોજથી નોંધાયેલ છે. જે વેચાણ અંગેની ફેરફાર નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નંબર ૬ હકકપત્રકમાં નોંધ નંબર ૨૨૭૩ થી તારીખ ૦૫/૦૬/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ. જે નોંધ ત્યારબાદ તારીખ ૦૬/૦૮/૨૦૧૪ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહું બ્લોક નંબર ૧૭, ટી.પી. સ્કીમ નંબર ૬૯ (ગોડાદરા– ડીંડોલી), ફાયનલ પ્લોટ નં. ૫૬/એ તથા ૫૬/બી પૈકી ફાયનલ પ્લોટ નં. ૫૬/એ વાળી સુમારે ૯૫૨૦ ચો.મી. જમીન પૈકી સબ પ્લોટ નં. ૩ વાળી સુમારે ૬૮૨૯ ચો.મી. તેના માલીક ૧. જયંતીભાઈ વાઘજીભાઈ ઝાલાવાડીયા, ૨. વિપુલભાઈ ધીરૂભાઈ અકબરી તથા ૩. અરવિંદભાઈ કાળુભાઈ સુહાગીયાનાઓ કનેથી ૧. ગણેશભાઈ મગનભાઈ પટેલ, ૨.

દસ્તાવેજનો પ્રકાર	મોજે ગામ	બ્લોક નં.	ટી.પી.	એફ.પી.	યોજનાનું નામ	ફલેટ નંબર	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ	ડીંડોલી	૧૭	૬૯	૫૬/એ	સાલાસર આઈકોન		

જાવંતરાજ પુખરાજ રાઠોડ, ૩. મનોજ પુખરાજ રાઠોડ, ૪. કમલેશ પુખરાજ રાઠોડ તથા ૫. જીતેન્દ્ર પુખરાજ રાઠોડનાઓએ તારીખ ૦૫/૦૨/૨૦૧૯ ના રોજના વેચાણ દસ્તાવેજથી વેચાણથી રાખેલ. જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહે. સુરત–૮(રાંદેર)ના સબ રજી. સાહેબની કચેરીમાં ૧ નંબરની બુકમાં અનુક્રમ નં. ૧૩ થી તારીખ : ૦૫/૦૨/૨૦૧૯ ના રોજ નોંધાયેલ છે. જે વેચાણ ફેરફાર અંગેની નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નંબર ૬ હકકપત્રકમાં નોંધ નંબર ૨૮૪૧ થી તારીખ ૧૬/૦૨/૨૦૧૯ ના રોજથી કરવામાં આવેલ છે. જે નોંધ ત્યારબાદ તારીખ ૦૯/૦૪/૨૦૧૯ નાં રોજથી કરવામાં આવેલ અને તે રીતે ૧. ગણેશભાઈ મગનભાઈ પટેલ, ૨. જાવંતરાજ પુખરાજ રાઠોડ, ૩. મનોજ પુખરાજ રાઠોડ, ૪. કમલેશ પુખરાજ રાઠોડ તથા ૫. જીતેન્દ્ર પુખરાજ રાઠોડનાઓ સદરહું બ્લોક નં. ૧૭ પૈકી, ટી.પી. સ્કીમ નંબર ૬૯ (ગોડાદરા–ડીંડોલી), ફાયનલ પ્લોટ નં. ૫૬/એ પૈકી સબ પ્લોટ નં. ૩ વાળી સુમારે ૬૮૨૯ ચો.મી. જમીનનાં માલીક, મુખત્યાર અને કબજેદાર તરીકે ચાલી આવેલા.

ત્યારબાદ સદર બ્લોક નં. ૧૭ પૈકી, ટી.પી. સ્કીમ નંબર ૬૯ (ગોડાદરા–ડીંડોલી), ફાયનલ પ્લોટ નં. ૫૬/એ વાળી જમીનને જુદા જુદા બીનખેતીના હેતુમાટે હેતુફેર કરવા સારૂ સદર જમીનના માલીકોએ મે. કલેકટર સાહેબશ્રી, સુરતનાને અરજ કરતા મે. કલેકટર સાહેબશ્રી, સુરતનાએ તેમના હુકમ નં. એ/બખપ/એસ.આર. નં. ૫૫૯/૨૦૧૮ આઈડી નં. ૪૧૫૭૬૮/વશી. ૨૭૧ થી ૨૭૯/૧૯, તારીખ ૧૫/૦૩/૨૦૧૯ ના રોજથી બીનખેતી અંગેની જરૂરી પરવાનગી આપેલ છે. જે બીનખેતીના હુકમ અંગેની ફેરફાર નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નંબર ૬ હકકપત્રકમાં નોંધ નંબર ૨૮૬૨ થી તારીખ ૧૩/૦૫/૨૦૧૯ ના રોજ કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહું ફાયનલ પ્લેટ નં. ૫૬/એ વાળી જમીન બાબતે સબ ડીવીઝન કરવા માટે સુરત મહાનગરપાલીકાને અરજી કરતા તેઓશ્રીએ રજાચીઠ્ઠી નં. ડી.ડી.ઓ. / ડી.પી./૨૦૮ તારીખ ૧૦/૧૨/૨૦૧૮ ના રોજથી સદરહું જમીન બાબતે સબ ડીવીઝન પ્લાન મંજુર કરવામાં આવેલ અને મજકુર ફાયનલ પ્લોટ નં. ૫૬/એ વાળી સુમારે ૯૫૨૦.૦૦ ચો.મી. વાળી જમીનના ભાગ કરી ફાયનલ પ્લોટ નં. ૫૬/એ પૈકી સબ પ્લોટ નં. ૧ નું

દસ્તાવેજનો પ્રકાર	મોજે ગામ	બ્લોક નં.	ટી.પી.	એફ.પી.	યોજનાનું નામ	ફલેટ નંબર	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ	ડીંડોલી	૧૭	૬૯	૫૬/એ	સાલાસર આઈકોન		

ક્ષેત્રફળ ૧૪૩૪.૦૦ ચો.મી., ફાયનલ પ્લોટ નં. ૫૬/એ પૈકી સબ પ્લોટ નં. ૨ નું ક્ષેત્રફળ ૧૨૫૭.૦૦ ચો.મી. તથા ફાયનલ પ્લોટ નં. ૫૬/એ પૈકી સબ પ્લોટ નં. ૩ નું ક્ષેત્રફળ ૬૮૨૯.૦૦ ચો.મી. આખરી કરવામાં આવેલ છે અને તે રીતે ફાયનલ પ્લોટ નં. ૫૬/એ પૈકી સબ પ્લોટ નં. ૩ વાળી સુમારે ૬૮૨૯.૦૦ ચો.મી. જમીન ૧. ગણેશભાઈ મગનભાઈ પટેલ, ૨. જાવંતરાજ પુખરાજ રાઠોડ, ૩. મનોજ પુખરાજ રાઠોડ, ૪. કમલેશ પુખરાજ રાઠોડ તથા ૫. જીતેન્દ્ર પુખરાજ રાઠોડનાઓની સંયુકત માલીકી, કબજા ભોગવટા હેઠળની ચાલી આવેલ.

ત્યારબાદ સદરહું ફાયનલ પ્લોટ નં. ૫૬/એ પૈકી સબ પ્લોટ નં. ૩ વાળી જમીન બાબતે સબડીવીઝન કરવા માટે સુરત મહાનગર પાલીકાને અરજી કરતા તેઓશ્રીએ રજાચીઠ્ઠી નં. એસએમસી/ ૧૨–૦૩–૨૦૧૯/ ૧૧૪૫૭૬૧/ ૦૧/ ૦૦૩૧૯૭ થી સદરહું જમીન બાબતે સબડીવીઝન પ્લાન મંજુર કરવામાં આવેલ અને મજકુર ફાયનલ પ્લોટ નં. ૫૬/એ પૈકી સબ પ્લોટ નં. ૩ વાળી સુમારે ૬૮૨૯.૦૦ ચો.મી. વાળી જમીનના ભાગ કરી ફાયનલ પ્લોટ નં. ૫૬/એ પૈકી સબ પ્લોટ નં. ૩/૧ નું ક્ષેત્રફળ ૧૯૯૨.૯૪ ચો.મી. તથા ફાયનલ પ્લોટ નં. ૫૬/એ પૈકી સબ પ્લોટ નં. ૩/૨ નું ક્ષેત્રફળ ૪૮૩૬.૦૬ ચો.મી. આખરી કરવામાં આવેલ છે.

આમ, મજકુર મોજે ગામ ડીંડોલીના બ્લોક નંબર ૧૭ પૈકી, ટી.પી. સ્કીમ નંબર ૬૯ (ગોડાદરા–ડીંડોલી), ફાયનલ પ્લોટ નં. ૫૬/એ પૈકી સબ પ્લોટ ૩/૧ વાળી ૧૯૯૨.૯૪ ચો.મી. બીનખેતીની જમીનના માલીક ઉપરોકત રીતે ૧. ગણેશભાઈ મગનભાઈ પટેલ, ૨. જાવંતરાજ પુખરાજ રાઠોડ, ૩. મનોજ પુખરાજ રાઠોડ, ૪. કમલેશ પુખરાજ રાઠોડ તથા ૫. જીતેન્દ્ર પુખરાજ રાઠોડ બનેલા અને ચાલી આવેલા.

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સુરત, સબ–ડીસ્ટ્રીકટ તથા તાલુકા ઉધના (સુરત સીટી) ના મોજે ગામ ડીંડોલીના બ્લોક નંબર ૧૭ પૈકી, ટી.પી. સ્કીમ નંબર ૬૯ (ગોડાદરા–ડીંડોલી), ફાયનલ પ્લોટ નં. ૫૬/એ પૈકી સબ પ્લોટ ૩/૧ વાળી ૧૯૯૨.૯૪ ચો.મી. બીનખેતીની જમીન તેના માલીકો ૧. ગણેશભાઈ મગનભાઈ પટેલ, ૨. જાવંતરાજ પુખરાજ રાઠોડ, ૩. મનોજ પુખરાજ રાઠોડ, ૪. કમલેશ પુખરાજ રાઠોડ તથા ૫. જીતેન્દ્ર પુખરાજ રાઠોડનાઓ

દસ્તાવેજનો પ્રકાર	મોજે ગામ	બ્લોક નં.	ટી.પી.	એફ.પી.	યોજનાનું નામ	ફલેટ નંબર	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ	ડીંડોલી	૧૭	૬૯	૫૬/એ	સાલાસર આઈકોન		

કનેથી હમો બીજા પક્ષના યાને પ્રમોટર મે. સાલાસર એમ્પાયર એક ભાગીદારી પેઢીએ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની રૂએ ખરીદ કરેલ. જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહે. સુરતના સબ–રજીસ્ટ્રાર સાહેબશ્રી ઉધનાની કચેરીમાં અનુક્રમ નં. ૯૩૩૮ થી તારીખ ૧૬/૦૭/૨૦૧૯ ના રોજ નોંધાયેલ છે. જે વેચાણ અંગેની ફેરફાર નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નંબર ૬ હકકપત્રકમાં નોંધ નંબર ૨૮૯૫ થી તારીખ ૦૨/૦૮/૨૦૧૯ ના રોજ કરવામાં આવેલ. જે નોંધ ત્યારબાદ તારીખ ૦૯/૧૦/૨૦૧૯ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

મજકુર જમીનમાં સુરત મ્યુનિસીપલ કોર્પોરેશન દ્વારા પરવાનગી ક્રમાંક ટીડીઓ/ડીપી/નં. ૧૮, તારીખ ૧૯/૧૨/૨૦૧૯ ના રોજથી બાંધકામ અંગેના પ્લાનો મંજુર કરેલ છે અને વિકાસ અંગેની પરવાનગીઓ આપવામાં આવેલ છે.

ઉપરોકત પરવાનગીઓને આધીન બીજા પક્ષના યાને પ્રમોટર આ પ્રોજેકટનું બાંધકામ કરવા માટે સંપુર્ણ રીતે અધીકૃત તથા સક્ષમ છે. તે રીતે પ્રમોટરે મંજુર થયેલ પ્લાન મુજબ સદર ફાયનલ પ્લોટ નં. ૫૬/એ, સબ પ્લોટ નં. ૩ વાળી ૧૯૯૨.૯૪ ચો.મી. બીનખેતીની જમીનમાં રેસીડેન્સીયલ કમ કોર્મશીયલ હેતુમાટે સાલાસર આઈકોન ના નામની રેસીડેન્સીયલ કમ કોર્મશીયલ (એપાર્ટમેન્ટ) બીલ્ડીંગોનું આયોજન કરેલ છે. તે રીતે આ નીચે શિડયુઅલમાં જણાવેલ ફલેટ મિલકત હમો બીજા પક્ષનાને વેચાણ વિગેરેથી ટ્રાન્સફર કરવા સંપુર્ણ હકક અને અધીકાર છે, તેવા હકક અને અધીકારની રૂએ સદરહું ફલેટવાળી મિલકત હમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષનાને વેચાણ આપવાનું નકકી કરેલ. જે અંગે આપણે બન્ને પક્ષકારો વચ્ચે તારીખ .... ના રોજ એલોટમેન્ટ લેટર અને તારીખ .... ના રોજ રજીસ્ટર્ડ સાટાખત / વેચાણનો કરાર કરવામાં આવેલ છે. જે અંગેનો સાટાખત યાને વેચાણ કરાર મહે. સુરતના સબ–રજીસ્ટ્રાર (કતારગામ) સાહેબની કચેરીમાં અનુક્રમ નં. .... થી તારીખ .... ના રોજ નોંધાયેલ છે. જે એલોટમેન્ટ લેટર તથા સાટાખતની રેરાના નિયમોનુસાર તમામ શરતોનું બંને પક્ષકારોએ પાલન કરેલ છે. જેથી સદરહું મિલકતના ફાયનલ કારપેટ એરીયાના માપ બાબતે કે વધારાના અવેજ બાબતે કે ઓછા વેચાણ અવેજ બાબતે બંને પક્ષકારોને કોઈપણ પ્રકારની તર–તકરાર,

દસ્તાવેજનો પ્રકાર	મોજે ગામ	બ્લોક નં.	ટી.પી.	એફ.પી.	યોજનાનું નામ	ફલેટ નંબર	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ	ડીંડોલી	૧૭	૬૯	૫૬/એ	સાલાસર આઈકોન		

દર–દાવો કે વાંધો વચકો નથી. જેથી આપણે પક્ષકારો વચ્ચે થયેલ સાટાખતના અમલ સ્વરૂપે તમો પહેલા પક્ષનાને અમો બીજા પક્ષનાએ આ વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે.

સદરહું જમીનમાં આયોજીત સદર યોજના સાલાસર આઈકોન ને રેરાના કાયદાની જોગવાઈઓ હેઠળ સક્ષમ ઓથોરીટી પાસે નોંધણી કરાવી રેરા નોંધણી સર્ટીફીકેટ નં. .... થી તારીખ .... ના રોજ મેળવવામાં આવેલ છે. તેમજ રેરાના કાયદાની જોગવાઈઓ મુજબ મેળવવી પડતી જરૂરી તમામ પરવાનગીઓ યાને સર્ટીફીકેટો બીજા પક્ષનાએ મેળવેલ છે.

હમો બીજા પક્ષના યાને સાલાસર એમ્પાયર એક ભાગીદારી પેઢીના તમામ ભાગીદારોએ અમોની સદરહું ભાગીદારી પેઢી સાલાસર એમ્પાયરના અધીકૃત અને વહીવટકર્તા ભાગીદાર તરીકે નિમણુંક કરેલ છે. જેથી આ વેચાણ દસ્તાવેજમાં સ્વસ્તીક એન્ટપ્રાઈઝ ભાગીદારી પેઢીના વતી અને તર્ફે તેના અધીકૃત અને વહીવટકર્તા ભાગીદાર તરીકે અમોએ સહી, મતુ કરેલ છે.

આ નીચે શીડયુલમાં જણાવેલ ફલેટ–મિલકત તથા તેના હરકોઈ હકકો સહિતની કુલ્લે વેચાણ કિંમત ઉચ્ચક રૂા...................../– અંકે રૂપિયા .... પુરા આપણે પક્ષકારોએ એકબીજાની રાજીખુશીથી નકકી કરેલ છે. સદર નકકી કરેલ વેચાણ અવેજની રકમ તમો પહેલા પક્ષનાએ, હમો બીજા પક્ષનાને આજદીન સુધીમાં નીચે મુજબની વિગતેથી ચુકવી આપેલ છે.

–: નાંણા વસુલ મળ્યાની વિગત :–

ક્રમ	બેંકનું નામ	ચેક નંબર	તારીખ	રકમ રૂા.
૧.				
૨.				
	કુલ રકમ રૂપિયા			

ઉપરોકત વિગતેથી વેચાણ અવેજની પુરેપુરી રકમ હમો બીજા પક્ષનાને મળી ગયા બદલની આ થકી પાકી પહોંચ સ્વીકારીએ છીએ. ભવિષ્યમાં સદરહું મિલકતનો વેચાણ અવેજ ન

મળ્યાની કે ઓછા મળ્યા અંગેની કોઈપણ પ્રકારની તર તકરાર હમો બીજા પક્ષનાએ કે હમારા વંશ, વાલી, વારસોએ કરવા–કરાવવાની રહેતી નથી, અને જો કરવા–કરાવવામાં આવે તો તે આ લેખની રૂએ રદ બાતલ થાય સહી.

સદરહું મિલકત ઉપરના તમામ હકકો હમો બીજા પક્ષનાએ કાયમ માટેથી ઉઠાવી લઈ અને તમો પહેલા પક્ષનાની તરફેણમાં જતા કરેલ છે અને સ્થળ ઉપર શાંત અને પ્રત્યક્ષ કબજો તમો પહેલા પક્ષનાને સોંપી આપેલ છે અને સદરહું મિલકતનો કબજો તમો પહેલા પક્ષનાએ સ્થળ ઉપર સંભાળી લીધેલ છે. જેથી સદરહું મિલકતનો કબજો યાવતચંદ્ર દિવાકરો કાળ માટેથી તમો પહેલા પક્ષનાને સુપ્રત કરી દઈ તેની આ દસ્તાવેજમાં કબજા રસીદ કરી આપીએ છીએ અને તમોને કુલ સ્વતંત્ર માલીક, મુખત્યાર, પ્રત્યક્ષ કબજેદાર બનાવીએ છીએ. જેથી તમો સદરહું મિલકતમાં વસો– વસાવો, વેચાણ કરો, સાટો, ગીરો, બક્ષીસ કરો, વાપરવા આપો કે પછી તમારૂ દિલ ચાહે તે મુજબની હરકોઈ રીતની વહીવટ, વ્યવસ્થા કરી/કરાવી શકો છો અને હવેથી સદરહું મિલકત અંગે તમો તમારા નસીબનું જે કાંઈ મેળવો તે સદરહું લેખ થકી તમારૂ ગણાય સહી.

સદરહું મિલકતના આ દસ્તાવેજોમાં દર્શાવ્યા મુજબના અમો બીજા પક્ષનાના માલીકીપણાના ટાઈટલો છે. જેથી સદરહું મિલકતમાં અન્ય કોઈનો કાંઈ જ હકક, હિત કે લાગભાગ કે હિસ્સો નથી તથા કોઈ લોન, બોજો નથી કે અન્યને વેચાણ વિગેરેથી આપેલ નથી, કોઈને ટ્રસ્ટમાં, સેટલમેન્ટમાં, જામીનગીરીમાં વિગેરેમાં લખી આપેલ નથી તથા આ મિલકત કોઈના ટાંચ, તારણ, જપ્તી, અવલજપ્તી, લીયન, લાઈનદોરીમાં નથી, કોર્ટ, કચેરીના દાવા–દૂવીમાં સંડોવાયેલ નથી તથા આ મિલકત ઉપર કોઈના ખોરાકી–પોષાકી, ભરણ–પોષણ, પાણી નિકાલ, હવા, ઉજાસ, રહેઠાણ, વપરાશી ભાડુ, ઈઝમેન્ટના વિગેરે કોઈ હકકો નથી અને તે મુજબથી સદરહું મિલકત તદ્દન, નકરજી, નબોજી, બીનજોખમી, ચોખ્ખા માર્કેટેબલ ટાઈટલવાળી છે તેની તમો પહેલા પક્ષનાને ખાત્રી આપવામાં આવે છે. તેમજ તમો પહેલા પક્ષનાએ પણ સદરહું મિલકતનો પ્લાન, બાંધકામ, લીફટ, પાર્કીંગ વિગેરે જોઈ તપાસી અને તેની ખાત્રી કરી સદરહું મિલકત ખરીદ કરેલ છે. તે રીતે તમો પહેલા પક્ષના સદરહું મિલકતના ટાઈટલ બાબતે સંપુર્ણપણે માહીતગાર છો. તેથી ભવિષ્યમાં તમો

દસ્તાવેજનો પ્રકાર	મોજે ગામ	બ્લોક નં.	ટી.પી.	એફ.પી.	યોજનાનું નામ	ફલેટ નંબર	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ	ડીંડોલી	૧૭	૬૯	૫૬/એ	સાલાસર આઈકોન		

પહેલા પક્ષનાએ સદરહું મિલકતના ક્ષેત્રફળ કે કબજા કે ઉપરોકત સગવડતા બાબતે કોઈ વાંધો, વિરોધ કે તર–તકરાર કરવા કરાવવાની નથી. તેમ છતાં તર તકરાર કરીએ કરાવીએ તો તે આ થકી રદબાતલ થાય સહી.

સદરહું સાલાસર આઈકોન ના તમામ બિલ્ડીંગો તથા તમો પહેલા પક્ષનાને વેચાણ આપવા નકકી કરેલ ફલેટ વાળી મિલકતના પ્લાન તેમજ સ્પેસીફીકેશન તમો પહેલા પક્ષનાએ જાતે તથા નિષ્ણાંત વ્યકિત મારફતે જોઈ તપાસી સદરહું ફલેટ ખરીદવા નિર્ણય કરેલ છે તથા સદરહું મિલકતના ટાઈટલને લગતા તમામ દસ્તાવેજો, મંજુર પ્લાન, સ્પેસીફીકેશન મુજબ બાંધકામ, કારપેટ એરીયા, ફીટીંગ્સ, ઈલેકટ્રીક ફીટીંગ્સ, સાઈઝ, કોમન ફેસીલીટી, ટાઈટલ્સ વિગેરે મિલકતને લગતી સંલગ્ન તમામ સુવીધાઓની તમો પહેલા પક્ષનાએ જાતે તથા નિષ્ણાંત મારફતે ચકાસણી કરી કરાવીને તેમાં તમોને સંતોષ થતા સદરહું મિલકત તેઓએ સ્વેચ્છાએ રાજીખુશીથી ખરીદવા નિર્ણય કરેલ છે અને તે બાબતની કોઈ ફરીયાદ તમો પહેલા પક્ષનાને નથી. તમો પહેલા પક્ષનાને કબજે આપેલ મિલકતના રેરા કાયદાની જોગવાઈઓ મુજબ કારપેટ એરીયાના ક્ષેત્રફળમાં ૩% સુધીનો ફેરફાર આવે તો તેમા તમો પહેલા પક્ષનાએ ક્ષેત્રફળ બાબતે કોઈપણ જાતની તર તકરાર બીજા પક્ષના સાથે કરવા કરાવવાની નથી.

સદરહું વસાહતની કુલ્લે તળ જમીનમાં તમોએ ખરીદ કરેલ ફલેટના બાંધકામના ક્ષેત્રફળ મુજબ તળની જમીનના ફાળે પડતા અવિભાજય હિસ્સાના માલીકી હકકો અન્ય ફલેટ હોલ્ડરો સાથે ધારણ કરવાને હકકદાર રહેશો સહી. તેમજ સમગ્ર વસાહતના કોમન રસ્તા, રીસેપ્શન કેબીન, દાદર, પેસેજ, લીફટ વેલ, લીફટ, અન્ડર ગ્રાઉન્ડ તથા ઓવરહેડ પાણીની ટાંકીઓ, બોરીંગ, પાણીની લાઈનો, ડ્રેનેજ લાઈનો, આર.સી.સી. ફ્રેમ સ્ટ્રકચર, પાર્ટીશન વોલ, પાર્કીંગ, જનરેટર રૂમ, બિલ્ડીંગની રીસેપ્શન વિગેરેમાં તમામ ફલેટ હોલ્ડરો / સભ્યોના સહીયારા વપરાશી હકકો રહેશે. તેમાં તમો પહેલા પક્ષનાને કોઈ સ્વતંત્ર માલીકી હકક આપવામાં આવેલ નથી. તેમજ તમો પહેલા પક્ષનાએ કોમન પેસેજ વિગેરેમાં કોઈ માલસામાન કે ચીજ વસ્તુ મુકવાના કે લોખંડની ગ્રીલ બનાવવાના કે દીવાલ બનાવવાના કોઈ હકકો તમો પહેલા પક્ષનાને આપવામાં આવેલ નથી. તેમજ પહેલા પક્ષના ફલેટ હોલ્ડર

દસ્તાવેજનો પ્રકાર	મોજે ગામ	બ્લોક નં.	ટી.પી.	એફ.પી.	યોજનાનું નામ	ફલેટ નંબર	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ	ડીંડોલી	૧૭	૬૯	૫૬/એ	સાલાસર આઈકોન		

સોસાયટી દ્વારા પાર્કીંગ એલોટ કરવામાં આવશે અને સોસાયટી જે શરતો નકકી કરે તે શરતોને આધીન પહેલા પક્ષનાએ એલોટમેન્ટ સ્વીકારવાનું રહેશે.

પહેલા પક્ષનાને કબજો સુપ્રત કર્યાના પાંચ વર્ષના સમયગાળા દરમ્યાન એપાર્ટમેન્ટ કે ફલેટમાં કોઈ માળખાગત ઉણપ અથવા કામની ગુણવત્તા અથવા વર્કમેનશીપની ખામીઓ અથવા સેવાની જોગવાઈઓ અંગેની કોઈ ખામી હોવા અંગેની પહેલા પક્ષનાએ બીજા પક્ષનાને નોટીસ આપવાની રહેશે અને તે ખામી બીજા પક્ષનાએ પોતાના ખર્ચે દુર કરી આપવાની રહેશે અને જો બીજા પક્ષના તેવી ખામી દુર કરવામાં અસમર્થ રહે તો બીજા પક્ષનાએ પહેલા પક્ષનાને તેનું વળતર આપવાનું રહેશે.

પરંતુ જો સદર ખામીઓ બીજા પક્ષનાના અંકુશ બહારની હોય જેવી કે ધરતીકંપ, પુર, આગ, વાવાઝોડુ વિગેરે તથા માનવસર્જીત આપત્તીઓ જેવા કે તોફાનો, રમખાણો, આંતકવાદ વિગેરેના કારણે બિલ્ડીંગ કે તેનો કોઈ ભાગ તુટી જાય કે બિલ્ડીંગના કોઈ ભાગનું સ્ટ્રકચર નબળુ થઈ જાય અને તેના કારણે અકસ્માત કે જાનહાની થાય તો તે માટે બીજા પક્ષનાને જવાબદાર ઠેરવી શકાશે નહી તેમજ પહેલા પક્ષના કે તેના થકીના કોઈ ઈસમના કૃત્યોથી કે સોસાયટીના વહીવટીતંત્ર કે સોસાયટીના અન્ય સભ્યોના કૃત્યોથી બિલ્ડીંગ કે બિલ્ડીંગની ગુણવત્તાને નુકશાન થાય કે તેનો કોઈ ભાગ કે સ્ટ્રકચર તુટી જાય કે નુકશાન થાય કે નબળુ થઈ જાય અને તેના કારણે અકસ્માત કે જાન હાની થાય તો તે માટે બીજા પક્ષનાને જવાબદાર ઠેરવી શકાશે નહી અને બીજા પક્ષના આવી ખામી કે નુકશાનને રીપેર કરવા અથવા કોઈપણ પ્રકારના કલેઈમને ભરપાઈ કરવા જવાબદાર ગણાશે નહી. સદરહું પ્રોજેકટમાં બીજા પક્ષના દ્વારા આપવામાં આવેલ કોમન સુવિધા કે યુનીટ વાઈઝની સુવિધાઓમાં આપવામાં આવેલ ફાયર સીસ્ટમ, લીફટ, જનરેટર, વોટરપંપ, ઈલેકટ્રીકસ કે ઈલેકટ્રોનીકસ વસ્તુઓનો સારી રીતે અને નિયમબધ્ધ રીતે જે તે વિષયના નિષ્ણાંત વ્યકિત મારફતે ઉપયોગ કરવાનો રહેશે અને જે તે વસ્તુના લાયસન્સ નિયમિત રીતે રીન્યુ કરવાના તથા ટાઈમ ટુ ટાઈમ ઓથોરાઈઝ કોન્ટ્રાકટર કે એજન્સી પાસે સર્વીસ / મરામત કરવાના રહેશે અને તેમ ન કરતા કોઈ હોનારત, અકસ્માત કે નુકશાન સર્જાય તો તેની જવાબદારી બીજા પક્ષનાની રહેશે નહી.

દસ્તાવેજનો પ્રકાર	મોજે ગામ	બ્લોક નં.	ટી.પી.	એફ.પી.	યોજનાનું નામ	ફલેટ નંબર	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ	ડીંડોલી	૧૭	૬૯	૫૬/એ	સાલાસર આઈકોન		

સદરહું બિલ્ડીંગોનાં બાંધકામના બાહય સ્ટ્રકચરમાં કે એલીવેશનમાં કે બિલ્ડીંગ કલર, બાલ્કની કે વોશ એરીયા કે બિલ્ડીંગના બાહય દેખાવમાં કે પાણી / ડ્રેજેઝ સંબંધી યુટીલીટીઝ જેવી કે બાથરૂમ, ટોયલેટ વિગેરેના વોટર કનેકશનમાં કે અન્ય રીતે ફેરફાર થઈ જાય તેવા કોઈ ફેરફાર તમો પહેલા પક્ષનાએ કરવાના નથી. પહેલા પક્ષનાએ ખરીદ કરેલ ફલેટની બારીની ગ્રીલ બીજા પક્ષનાએ નકકી કરેલ ડીઝાઈન પ્રમાણે જ બનાવવાની રહેશે તથા મેઈન દરવાજાની ડીઝાઈન તથા બાલ્કની, ચોકડી, દાદર તથા પેસેજમાં આવેલા કલરમાં પહેલા પક્ષનાએ કોઈ ફેરફાર કરવાનો રહેશે નહી. તેમજ સરકાર દ્વારા કે સોસાયટી દ્વારા પ્રતિબંધીત હોય તેવું કે અન્ય ફલેટ હોલ્ડરોને હેરાનગતી કે મુશ્કેલી કે ન્યુસન્સ થાય તેવું કૃત્ય કરવા કરાવવાનું નથી. ભવિષ્યમાં જયારે પણ સદરહું રેસીડન્સીના બિલ્ડીંગ કે બિલ્ડીંગોનું રીનોવેશનનું કામ અથવા કોઈ પ્રકારનું રીપેરીંગ કામ કરવાનું સોસાયટી કે વહીવટી તંત્ર નકકી કરે, તો તેમાં દરેક હોલ્ડરો સાથે તમો પહેલા પક્ષનાએ ફરજીયાતપણે પુરતો સાથ સહકાર આપવાનો રહેશે તથા તે અંગે જે કાંઈ ખર્ચ થાય તેમા દરેક ફલેટ હોલ્ડરોના ભાગે પડતી રકમ તમો પહેલા પક્ષનાએ સોસાયટીને કે વહીવટી તંત્રને ફરજીયાતપણે આપવાની રહેશે તથા બિલ્ડીંગ અથવા કોઈ ફલેટને લગતા રીપેરીંગ કામ દરમ્યાન બીજાના ફલેટમાં જઈને રીપેરીંગ કામ કરવાનું થાય તો દરેક ફલેટ હોલ્ડરોએ તેમાં પુરો સહકાર આપવાનો રહેશે.

પહેલા પક્ષનાએ વેચાણ રાખેલ મિલકતનો કબજો લીધા બાદ ફલેટની અંદર ફર્નીચર, પ્લમ્બીંગ, ડ્રેનેજ, એ.સી. ફીટીંગ, રીનોવેશન કરતી વખતે આર.સી.સી. સ્ટ્રકચરની અંદર તોડફોડ કરશે કે કોર કટીંગ કરશે જેનાથી ઈમારતની સ્ટ્રકચરલ અને સ્ટ્રેન્થને નુકશાન થાય તો અન્ય યુનીટ ધારકો, બિલ્ડીંગનું વહીવટીતંત્ર કે સર્વીસ સોસાયટી તમોને તેમ કરતા અટકાવવા હકકદાર રહેશે અને તે માટે જે કાયદેસરની દિવાની કે ફોજદારી કાર્યવાહી કરવાની થાય તે કરી શકશે અને તે માટે સોસાયટીને થતા તમામ વકીલ ખર્ચ, નોટીસ ફી વિગેરે તમો પહેલા પક્ષનાએ ભોગવવાનો રહેશે. જેમા બીજા પક્ષના સ્વસ્તીક એન્ટરપ્રાઈઝની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહી.

દસ્તાવેજનો પ્રકાર	મોજે ગામ	બ્લોક નં.	ટી.પી.	એફ.પી.	યોજનાનું નામ	ફલેટ નંબર	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ	ડીંડોલી	૧૭	૬૯	૫૬/એ	સાલાસર આઈકોન		

સદરહું સાલાસર આઈકોન ના પ્રોજેકટનું કામ પુરૂ થાય ત્યારબાદ તમામ ફલેટ હોલ્ડરોએ સાથે મળી સમગ્ર બિલ્ડીંગના સુવ્યવસ્થિત સંચાલન તેમન વહીવટ માટે અને સભ્યોના હકક, હિતો જળવાય તે માટે એક વહીવટી તંત્ર કે સોસાયટીની રચના કરવાની રહેશે. તેમાં તમામ ફલેટ હોલ્ડરોએ ફરજીયાત પણે સભ્ય બનાવનું રહેશે અને મજકુર વહીવટ તંત્ર કે સોસાયટી સદરહું સાલાસર આઈકોન રેસીડન્સીના સંચાલન માટે જે નિતિ નિયમો બનાવે તેનું તમામ ફલેટ હોલ્ડરોએ ફરજીયાત, અચુક અને અફર રીતે પાલન કરવાનું રહેશે. તે મુજબ તમો પહેલા પક્ષનાએ પણ ફરજીયાત સભ્ય તરીકે જોડાવાનું રહેશે અને આ વસાહતમાં આવેલ કોમન સગવડો જેવી કે કોમન ગાર્ડન, મેઈનગેટ, સીકયુરીટી કેબીન, આંતરીક રસ્તાઓ, કમ્પાઉન્ડ વોલ તથા કોમન એરીયાની ટેરેસની સાફ સફાઈના ખર્ચ, તેના જાળવણી ખર્ચ તેમજ વપરાશી ખર્ચ, કોમન વેરાઓ, કોમન લાઈટના બીલો, ઈન્ટરકોમ ફેસીલીટીઝનો ખર્ચ, દાદર પેસેજ અગાસીની સાફ સફાઈના ખર્ચ વિગેરે પ્રકારના તમામ કોમન ખર્ચાઓમાં તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ ફલેટવાળી બિલ્ડીંગના હિસ્સે જે ખર્ચ આવે તેમાં તમોએ તથા બિલ્ડીંગના અન્ય તમામ સભ્યોએ સાથે મળીને ફાળે પડતી રકમ સોસાયટીના વહીવટીતંત્ર એટલે કે સોસાયટી એસોસીએશનને આપવાની રહેશે, પરંતુ સદર યોજનાના તમામ સભ્ય વહીવટીતંત્ર કે એસોશીએશનની રચના ન કરે ત્યાં સુધી સદર મેઈન્ટેન્સની રકમ જે તે સભ્યોએ બીજા પક્ષનાને આપવાની રહેશે સહી અને તેમાં કસુર થાય કે આવી ફાળાની રકમ આપવામાં તમો ઈન્કાર કરો તો તમોને આપવામાં આવેલી સહીયારી સગવડો જેવી કે પાર્કીંગ, લીફટ, પાણી વિગેરેનો વપરાશ બંધ કરવા વહીવટીતંત્ર કે સોસાયટી હકકદાર રહેશે અને તેના ઉપર કાયદેસરની કાર્યવાહી દ્વારા આવી મેઈન્ટેનન્સ રકમોની વસુલાત કરી શકશે. પરંતુ જે ફલેટો બીજા પક્ષના પાસે વેચાયા વગરના બીજા પક્ષનાની માલીકી કબજામાં ખાલી પડી રહેલા હોય, તેવા ફલેટો માટે કોઈ મેન્ટેનન્સ કે નિભાવ ખર્ચ બીજા પક્ષનાએ આપવાનું રહેશે નહી.

મજકુર સાલાસર આઈકોન યોજનાની કામગીરી પુર્ણ થયેથી, હમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષના દ્વારા રચીત એસોશીએશન કે સોસાયટી કે સર્વીસ સોસાયટીને, યોજનાના કોમન એરીયાનો સંપુર્ણ અને પ્રત્યક્ષ કબજો સુપ્રત કરવાનો રહેશે અને જરૂરી લખાણો કરી આપવાના રહેશે. તેમજ યોજનાના ટાઈટલ અંગેના દસ્તાવેજો, પ્લાનો,

દસ્તાવેજનો પ્રકાર	મોજે ગામ	બ્લોક નં.	ટી.પી.	એફ.પી.	યોજનાનું નામ	ફલેટ નંબર	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ	ડીંડોલી	૧૭	૬૯	૫૬/એ	સાલાસર આઈકોન		

મંજુરીઓ ઈત્યાદીની નકલો સુપ્રત કરવાની રહેશે. યોજનાના કોમન એરીયાનો કબજો સુપ્રત કરવા અંગેના લખાણો, દસ્તાવેજો વિગેરે કરવા અંગે જે કાંઈ સ્ટામ્પ ડયુટી સહિતનો ખર્ચ થાય તેમાં તમો પહેલા પક્ષનાએ હિસ્સે ફાળે પડતા ખર્ચની રકમ, નાંણા તમો પહેલા પક્ષનાએ ચુકવવાના રહેશે સહી.

સમગ્ર પ્રોજેકટ પુર્ણ થયેથી વણ વહેંચાયેલ હિસ્સાની જમીન, કોમજ એરીયા, કોમન સુવિધાઓ કે જે મજકુર યોજનામાં આવેલ હોય તે તમામનો શાંત, ખાલી અને પ્રત્યક્ષ કબજો સોસાયટીને સુપ્રત કરવામાં આવશે, અને તે બાબતે જે કાંઈ કરારો કરી આપવાના થાય તે પ્રમોટર સોસાયટીની તરફેણમાં કરી આપશે,

સદરહુ બિલ્ડીગના તળની જમીનમાં તમામ ફ્લેટ હોલ્ડરોનો વણ-વહેંચાયેલો હિસ્સો ચાલી આવેલ છે. તેમજ બિલ્ડીગનો કોમન એરીયા/સુવિધાઓનો તમામ ફ્લેટ હોલ્ડરોએ સહીયારો ઉપયોગ કરવાનો રહેશે. અને તે કોમન એરીયા/સુવિધાનો વહીવટ સર્વિસ સોસાયટી કરશે.

તમો પહેલા પક્ષનાએ ખરીદ કરેલ યુનીટ પુરતું વીજ કનેકશન અલગ આપવામાં આવેલ છે. તેનું બીલ તમોએ સ્વતંત્રપણે ભરવાનું રહેશે. તેમજ તમોના યુનીટ પુરતા કોર્પોરેશનના કે સરકારના તમામ પ્રકારના વેરાઓ, પાણી વેરો, ગટરના જોડાણો બાબતના વેરાઓ કે ભવિષ્યમાં અમલમાં આવતા કોઈપણ પ્રકારના વેરાઓ તમો ખરીદનારે ભરવાના રહેશે. તેમજ જી.એસ.ટી. ટેક્ષ તથા ભવિષ્યમાં લાગુ થનાર કાયદા અન્વયે ચુકવવાના થતા ટેક્ષ તથા અન્ય તમામ પ્રકારના ચુકવવાપાત્ર ટેક્ષ ભરવાની જવાબદારી ખરીદનારની રહેશે સહી.

ભવિષ્યમાં સરકારી કે કોર્પોરેશનની પોલીસીમાં કે અન્ય નિતિ નિયમોમાં ફેરફાર થવાથી વધારાની એફ.એસ.આઈ., ટી.ડી.આર. મળવા પાત્ર થાય અને તેના માટે પ્લાન રીવાઈઝડ કરીને વધારાનું બાંધકામ કરવાનું થાય તો તે અંગેના માલીકીના કે બાંધકામના હકકો અને તેના કોઈપણ જાતના વહીવટ કે વ્યવસ્થા કે નિકાલ કરવાના હકકો માત્ર બીજા પક્ષનાઓના અબાધીત રહેશે. ભવિષ્યમાં રીવાઈઝડ પ્લાન મંજુર કરવાનો થા તો તે પ્લાન

રીવાઈઝડ કરવા બાબતે તમો પહેલા પક્ષનાએ કે અન્ય ફલેટ હોલ્ડરોએ કોઈ વાંધો તર–તકરાર કરવા / કરાવવાની નથી.

સાલાસર એમ્પાયર એક ભાગીદારી પેઢી દ્વારા આપવામાં આવેલી સગવડો જેવી કે ઈન્ટરકોમ, સી.સી.ટી.વી. કેમેરા, લીફટ, બોરવેલ પમ્પ, જનરેટર, ઈલેકટ્રીક રૂમ, ફાયર સેફટી વિગેરેનો મેઈન્ટેનન્સ કોન્ટ્રાકટ ગવર્મેન્ટ એપ્રુવ્ડ કોન્ટ્રાકરને આપવાનો રહેશે. કોન્ટ્રાકટની મુદત પુરી થયેથી દર વર્ષે સમયસર કોન્ટ્રાકટ રીન્યુ કરવાનો રહેશે અને જાળવણી કરવાની રહેશે. તેમજ આવા કોન્ટ્રાકટની તમામ શરતો તમો પહેલા પક્ષનાએ પાળવાની રહેશે તથા આવી સગવડોની જાળવણી કરવાની રહેશે અને આવી સગવડોના વપરાશ માટે જાણકાર વ્યકતી રાખવાની રહેશે. જેથી સગવડો વ્યવસ્થિત મેન્ટેનન્સ થઈ શકે, તેમ ન કરતા કોઈ હોનારત અથવા ખરાબ થાય તો તેવા સંજોગોમાં તમામ જવાબદારી સોસાયટી કે જે તે બિલ્ડીંગની કમીટી અથવા તો જે તે મેન્ટેનન્સ કંપની, ડીસ્ટ્રીબ્યુશન કંપની અને કોન્ટ્રાકટરની રહેશે. જે અંગે સ્વસ્તીક એન્ટરપ્રાઈઝની કોઈ જવાબદારી રહેશે નહી. તેમજ પહેલા પક્ષનાએ ખરીદ કરેલ ફલેટ મિલકતનો ઈન્સ્યોરન્સ પોતાના ખર્ચે લેવાનો રહેશે તથા સોસાયટી / એસોસીએશનએ જે તે બિલ્ડીંગ તેમજ કેમ્પસનો ઈન્સ્યોરન્સ લેવાનો રહેશે અને તેવા ઈન્સ્યોરન્સ સમયસર રીન્યુ કરવાના રહેશે સહી.

તેમજ તમો પહેલા પક્ષનાએ બિલ્ડીંગના એલીવેશનને નુકશાન થાય તે રીતનું કોઈપણ પ્રકારનું બાંધકામ કરવાનું નથી અને સદરહું બિલ્ડીંગનું બાંધકામ / સ્ટ્રકચર તથા તેને સંલગ્ન તમામ સુવીધાઓ જરૂરીયાત મુજબની ઉચ્ચ ગુણવત્તાવાળી અને પરીપુર્ણ છે. જે તમો પહેલા પક્ષનાએ જાતે તથા નિષ્ણાંત મારફતે જોઈ તપાસીને સદરહું મિલકત ખરીદ કરેલ છે. તેથી આજદીન બાદ કુદરતી આપતો જેવી કે ધરતીકંપ, વરસાદના પુર, આગ, વાવાઝોડું વિગેરે તથા માનવ સર્જીત આપત્તીઓ તોફાનો, આંતકવાદ વિગેરે કારણોસર તથા બિલ્ડીંગના કોઈપણ સભ્યના કોઈ કૃત્યો મારફતે બિલ્ડીંગના બાંધકામને કોઈપણ જાતનું નુકશાન થશે તો બીજા પક્ષનાની પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આર્થીક કે કાયદાકીય જવાબદારી રહેશે નહી અને ગણાશે નહી. જે બાબતે પહેલા પક્ષનાએ ભવિષ્યમાં કોઈ તર તકરાર કરવા / કરાવવાની નથી અને જો કોઈ તર તકરાર કરવા / કરાવવામાં આવશે તો તે આ થકી

રદબાતલ થાય સહી. તેમજ દરેક યુનીટ ધારકે પોતાના યુનીટ માટે આગ, અકસ્માત, ભુકંપ, પુર જેવા કુદરતી પરીબળો તથા નુકશાન માટે વીમો લેવાનો રહેશે અને તેનું પ્રીમીયમ જે તે યુનીટ ધારકે ભરવાનું રહેશે.

આ વસાહત યોજનાનું નામ સાલાસર આઈકોન રાખવામાં આવેલ છે. તેમાં કોઈ પણ ફેરફાર કરી શકાશે નહી.આપણે પક્ષકારો વચ્ચે આ દસ્તાવેજથી માલીક અને કોન્ટ્રાકટર તરીકેના કોઈ સંબંધો કે જવાબદારીઓ સ્થાપીત થતા નથી. પરંતુ માલીક માલીક વચ્ચેનો સ્થાવર મિલકતના વેચાણનો વ્યવહાર ગણાશે.

સદરહું વેચાણના અવેજ પેટે તમોએ આપેલ ચેકો બેંકમાં પાસ થયા બાદ જ આ વેચાણ દસ્તાવેજનો અમલ થયેલ ગણાશે. જો કોઈ કારણસર આ ચેકો પરત ફરે કે અવેજ મળવામાં વિલંબ થાય તો પુરો અવેજ મળ્યા બાદ જ આ વેચાણ દસ્તાવેજનો અમલ થયેલો ગણાશે.ઉપરોકત તમામ શરતો તમો પહેલા પક્ષના ખરીદનારને સમજાવેલ છે. જે તમોએ કબુલ, મંજુર રાખેલ છે.

આ દસ્તાવેજ હેઠળની કોઈ જોગવાઈઓ રેરા કાયદા અથવા તે હેઠળ નિયમો અથવા નિયમન અથવા કોઈપણ લાગુ પડતા અન્ય કાયદા હેઠળ રદ પાત્ર હોય અથવા લાગુ પડી શકે તેમ ન હોય તો દસ્તાવેજની તે જોગવાઈઓ આ દસ્તાવેજના હેતુ માટે વ્યાજબી રીતે અસંગત હોય તેટલે સુધી સુધારેલ અથવા રદ થયેલ સમજવામાં આવશે તથા કાયદા, નિયમ તથા નિયમનને સુસંગત હોય એટલે સુધી આ દસ્તાવેજની અન્ય જોગવાઈઓ માન્ય રહેશે અને દસ્તાવેજ સહી કરતી વખતે જે રીતે લાગુ પડવા પાત્ર હોય તે રીતે યોગ્ય રીતે અમલી રહેશે.

આ દસ્તાવેજથી હમો બીજા પક્ષનાની સહી, સંમતી, હાજરી, કબુલાત ગણી લઈને સદરહું મિલકત સરકારી, અર્ધ સરકારી, રેકર્ડ ઓફ રાઈટસ દફતરે, સીટી સર્વે, સુરત મહાનગર પાલીકા, જી.ઈ.બી., ઈલેકટ્રીક કંપની, ગેસ કંપની તથા અન્ય હરકોઈ દફતરે તમો પહેલા પક્ષનાનું નામ માલીક, કબજેદાર તરીકે દાખલ કરાવી શકો છો અને અમારૂ નામ કમી કરાવી શકો છો.

દસ્તાવેજનો પ્રકાર	મોજે ગામ	બ્લોક નં.	ટી.પી.	એફ.પી.	યોજનાનું નામ	ફલેટ નંબર	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ	ડીંડોલી	૧૭	૬૯	૫૬/એ	સાલાસર આઈકોન		

જો પહેલા પક્ષના દ્વારા કોઈ વેલ્ડીંગ કામ કરાવતી વખતે પુરતી કાળજી ન લેવાથી અથવા પુરતા સલામતીના પગલા ન લેવાથી તથા ઈલેકટ્રીક ઓવરલોડ વપરાશ કરવાથી કે અન્ય રીતે કોઈપણ રીતે કપડાની સામગ્રીમાં કે બિલ્ડીંગમાં કે બિલ્ડીંગના કોઈપણ ભાગમાં આગ લાગવાની ઘટના બને તો આવી ધટના માટે બીજા પક્ષનાને જવાબદાર ઠેરવી શકાશે નહી અને બીજા પક્ષના આવી ખામી કે નુકશાની રીપેર કરવા જવાબદાર ગણાશે નહી.

સદરહું મિલકત અંગેના આજદીન સુધીના સરકારી, અર્ધ સરકારી કે અન્ય કોઈપણ સંસ્થાના ભરવાપાત્ર હરકોઈ વેરા, ટેક્ષ, જમીન મહેસુલ, શિક્ષણ ઉપકર વિગેરે અમો બીજા પક્ષનાએ ભરપાઈ કર્યા છે અને હવે પછી જે કાંઈ ભરવાના આવે તે તમામ સરકારી, અર્ધ સરકારી ટેક્ષ, કર, જી.એસ.ટી. વેરા ભાગે પડતા મેન્ટેનન્સ, મરામત ચાર્જીસ વિગેરે તમો પહેલા પક્ષનાએ ભરવાના છે અને તેવી તમામ જવાબદારી પહેલા પક્ષનાની રાખવામાં આવેલી છે સહી.

સદરહું ફલેટ તમોએ બુક કરાવ્યો ત્યારે તેના ટાઈટલ્સના કાગળો, બાંધકામ, વપરાશનું મટીરીયલ્સ, પાર્કીંગ, કારપેટ એરીયા, ફીટીંગ, ફનીર્શીંગ, ગુણવત્તા, સોદાની શરતો વિગેરે બાબતો તમોએ સમજી લીધી હતી અને તે મુજબનું બાંધકામ, મટીરીયલ, ફીટીંગ, એરીયા, સાઈઝ વિગેરે તમોએ જાતે ચકાસેલ છે તથા નિષ્ણાંત મારફતે ચકાસણી કરાવેલ છે અને સોદા વખતે થયેલ ચર્ચા મુજબ ફલેટની ગુણવત્તા અને કામગીરીનો તમોએ સંતોષ વ્યકત કરેલ અને તે બાબતે તમારે કોઈ ફરીયાદ રહેતી નથી. તેવું તમોએ હમોને જણાવીને તમારા નામનો વેચાણ દસ્તાવેજ કરી આપવાનું કહેતા સદરહું વેચાણ દસ્તાવેજ તમારા નામો લખી આપવામાં આવેલ છે અને ત્યારબાદ ફલેટની કામગીરી બાબતે કોઈ તકરાર કરવાની રહેશે નહી.

પક્ષો વચ્ચે કોઇપણ વિવાદનું સુમેળથી નિરાકરણ લાવવાનું રહેશે. કોઇપણ વિવાદનું નિરાકરણ સુમેળથી ન લાવી શકાય તો, રીયલ એસ્ટેટ (નિયમન અને વિકાસ) અધિનિયમ, ૨૦૧૬ તથા તે હેઠળ નિયમો તથા નિયમન હેઠળ નિમવામાં આવેલ નિવેડા અધિકારી દ્વારા નિકાલ કરવામાં આવશે.

દસ્તાવેજનો પ્રકાર	મોજે ગામ	બ્લોક નં.	ટી.પી.	એફ.પી.	યોજનાનું નામ	ફલેટ નંબર	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ	ડીંડોલી	૧૭	૬૯	૫૬/એ	સાલાસર આઈકોન		

આ કરારની કોઈપણ જોગવાઈ, ઉક્ત અધિનિયમ અથવા તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અને વિનિયમો હેઠળ અથવા લાગુ પડવાપાત્ર અન્ય કાયદાઓ હેઠળ રદ કરવા અથવા બિનઅમલપાત્ર બનાવવાનું નક્કી કરવામાં આવે તો, આવી જોગવાઈઓ, તે આ કરારના હેતુ સાથે અસંગત હોય એટલા પૂરતી અને આ અધિનિયમ અથવા તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અથવા લાગુ પડતા કાયદાઓ સાથે સાથે તે અનુરૂપ હોવી જરૂરી હોય તેટલા પ્રમાણમાં તે સુધારાયેલી અથવા રદ થયેલી ગણાશે અને આ કરારની બાકીની જોગવાઈઓ, આ કરારના અમલ વખતે લાગુ પડતી હતી એ જ રીતે માન્ય અને અમલપાત્ર રહેશે.

અમો પ્રમોટરે રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન અને ડેવલપમેન્ટ) એક્ટ-૨૦૧૬ ની જોગવાઈ હેઠળ સત્તાધિકારી પાસે રજી. નં. .... તા. ....થી નોંધણી કરાવેલ છે. અને તે અંગેનું સાટાખત અમોએ રેરા કાયદાની કલમ-૧૪ મુજબ અનું. .... થી તા. .... થી નોંધાવેલ છે.

The Promoter shall not have any claim F.S.I, additional F.S.I and terrace rights after building use permission has been obtained, such rights if any will be enclosed by the society of buyers.

આ વેચાણ દસ્તાવેજ કુલ રૂા. ..../– પુરાના જનરલ સ્ટામ્પ / ઈ સ્ટામ્પ પેપર વાપરી કરેલ છે. આ દસ્તાવેજ અંગેની સ્ટામ્પ ડયુટી, રજીસ્ટ્રેશન ફી, વકીલ ફી, ટાઈપીંગ ચાર્જ વિગેરે આનુષંગીક ખર્ચાઓ તમો પહેલા પક્ષનાએ ભોગવેલ છે અને ભવિષ્યમાં ખુટતી સ્ટામ્પ ડયુટી ભરવાની આવે તે ભરવાની જવાબદારી તમો પહેલા પક્ષનાની રહેશે સહી.

–:: પરિશિષ્ટ–૧ ::–

–: પ્રોજેકટ/પરિયોજના વાળી જમીનની વિગતઃ–

દસ્તાવેજનો પ્રકાર	મોજે ગામ	બ્લોક નં.	ટી.પી.	એફ.પી.	યોજનાનું નામ	ફલેટ નંબર	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ	ડીંડોલી	૧૭	૬૯	૫૬/એ	સાલાસર આઈકોન		

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સુરત, સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકા ઉધના(સુરત સીટી)ના, ગામ મોજે ડીંડોલીના ખાતા નં. ૨૪૮૩, રે.સ.નં. ૧૫, બ્લોક નં. ૧૭, થી નોંધાયેલી જમીન જેનુ સુમારે ક્ષેત્રફળ હે. આરે. ૨–૮૫–૩૦ ચો.મી. જમીન કે જેને ટી.પી. સ્કીમ નં. ૬૯(ગોડાદરા–ડીંડોલી) લાગુ પડતા ફાયનલ પ્લોટ નં. ૫૬/એ તથા ૫૬/બી ફાળવવામાં આવેલ છે. જે ફાયનલ પ્લોટ નં. ૫૬/એ વાળી જમીનનું ફાયનલ પ્લોટ મુજબ કુલ ક્ષેત્રફળ સુમારે ૯૫૨૦.૦૦ ચો.મી. છે જે ફાયનલ પ્લોટ નં. ૫૬/એ પૈકી સબ પ્લોટ નં. ૩/૧ વાળી સુમારે ૧૯૯૨.૯૪ ચો.મી. વાળી બીનખેતીની જમીન.

–:: પરિશિષ્ટ–૨ ::–

–: વેચાણ કરેલ મિલકતની વિગત:–

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સુરત, સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકા ઉધના(સુરત સીટી)ના, ગામ મોજે ડીંડોલીના ખાતા નં. ૨૪૮૩, રે.સ.નં. ૧૫, બ્લોક નં. ૧૭, થી નોંધાયેલી જમીન જેનુ સુમારે ક્ષેત્રફળ હે. આરે. ૨–૮૫–૩૦ ચો.મી. જમીન કે જેને ટી.પી. સ્કીમ નં. ૬૯(ગોડાદરા–ડીંડોલી) લાગુ પડતા ફાયનલ પ્લોટ નં. ૫૬/એ તથા ૫૬/બી ફાળવવામાં આવેલ છે. જે ફાયનલ પ્લોટ નં. ૫૬/એ વાળી જમીનનું ફાયનલ પ્લોટ મુજબ કુલ ક્ષેત્રફળ સુમારે ૯૫૨૦.૦૦ ચો.મી. છે જે ફાયનલ પ્લોટ નં. ૫૬/એ પૈકી સબ પ્લોટ નં. ૩/૧ વાળી સુમારે ૧૯૯૨.૯૪ ચો.મી. વાળી બીનખેતીની જમીનમાં આયોજીત સાલાસર આઈકોન ના નામની રેસીડેન્સીયલ કમ કોર્મશીયલ (એપાર્ટમેન્ટ) બીંલ્ડીંગો પૈકી બીલ્ડીંગ નં. .... ના .... માળે આવેલ ફ્લેટ/ દુકાન નં. ...../........ વાળી મિલકત કે જેનો કારપેટ એરીયા .... ચો. ફુટ યાને ...... ચો. મી. તથા વોશ અને બાલ્કનીનો કારપેટ એરીયા .... ચો.મી. મળી કુલ કારપેટ એરીયા .... ચો.મી. છે. જેનો બીલ્ટઅપ એરીયા .... ચો. મી. છે. તે મિલકત તથા તેને લાગતા વળગતા અંદરના તમામ હકકો સહીતની તથા રાસુકા હકકો સહીતની તેમજ ઈમારત તળેની જમીનમાં પ્રમાણસરના વણ–વહેંચાયેલા હિસ્સાની જમીન સહીતની મિલકત કે જેની ચતુ:સીમા નીચે મુજબ છે.

પુર્વે :
પશ્ચિમે :
ઉત્તરે :
દક્ષિણે :

દસ્તાવેજનો પ્રકાર	મોજે ગામ	બ્લોક નં.	ટી.પી.	એફ.પી.	યોજનાનું નામ	ફ્લેટ નંબર	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ	ડીંડોલી	૧૭	૬૯	૫૬/એ	સાલાસર આઈકોન		

<u>પોસ્ટલ એડ્રેસ :</u> ફલેટ/દુકાન નં.   , સાલાસર આઈકોન , બ્લોક નં. ૧૭, ટી.પી. સ્કીમ નં. ૬૯, ફાયનલ પ્લોટ નં. ૫૬/એ, મોજે ડીંડોલી, તા. ઉધના, જી. સુરત.

એણી વિગતનો આ વેચાણ દસ્તાવેજ હમો બીજા પક્ષનાએ હમારી રાજી ખુશીથી, અકકલ હોશીયારીમાં, કોઈના કોઈપણ જાતના દાબ દબાણ વગર, વાંચી, વંચાવી, સમજી, વિચારી, બીનકેફે, બીનનશે, તનમનની સંપુર્ણ સાવધાવસ્થામાં કરી આપેલ છે. જે હમોને તેમજ હમારા વંશ, વાલી, વારસો ઈત્યાદી તમામને કબુલ, મંજુર અને બંધનકર્તા છે સહી, થાય સહી અને રહેશે સહી.

અત્રે-----------------મતુ તત્રે-----------------શાખ

મે. સાલાસર એમ્પાયર એક ભાગીદારી પેઢી
ના વતી વિઠલકુમાર દેવશીભાઈ આંકોલીયા

મે. સાલાસર એમ્પાયર એક ભાગીદારી પેઢી
ના વતી પરેશ દેવશીભાઈ નારોલા

પહેલા પક્ષના : ખરીદનાર	ફોટોગ્રાફ	ડાબા હાથના અંગુઠાનું નિશાન
શ્રી....................................		
બીજા પક્ષના : વેચનાર	**ફોટોગ્રાફ**	**ડાબા હાથના અંગુઠાનું નિશાન**
૧. વિઠલભાઈ દેવશીભાઈ આંકોલીયા, ... મે. સાલાસર એમ્પાયર એક ભાગીદારી પેઢી વતી અને તરફે તેના અધિકૃત ભાગીદારી તરીકે....		
૨. પરેશ દેવશીભાઈ નારોલા, ... મે. સાલાસર એમ્પાયર એક ભાગીદારી પેઢી વતી અને તરફે તેના અધિકૃત ભાગીદારી તરીકે....		

દસ્તાવેજનો પ્રકાર	મોજે ગામ	બ્લોક નં.	ટી.પી.	એફ.પી.	યોજનાનું નામ	ફલેટ નંબર	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ	ડીંડોલી	૧૭	૬૯	૫૬/એ	સાલાસર આઈકોન		